વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન બાબત નવી બાબત રૂ.૫૭૫૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૨૦/૪૮૨૦૪૧/ન.બા-૦૧/અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૪/૦૫/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/ બો.નિ./ ૨૦૨૦-૨૧/૯૬૫-૬૬

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./ ન.બા./૨૦૨૧-૨૨/૪૮૭-૮૮

**આમુખ :-**

રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગોના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ લોન આપવાની યોજના અમલમાં છે. વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના પત્રથી નાણાંકીય વર્ષ:૨૦૨૧-૨૨માં નવી બાબત રજૂ કરેલ હતી. વિભાગ દ્વારા રજુ થયેલ રૂ.૫૮૦૦.૦૦ લાખની નવી બાબત સામે અંદાજપત્રમાં રૂ.૫૭૫૦.૦૦ લાખની મંજુરી આપવામાં આવી હોઈ, વંચાણે લીધેલા ક્રમાંક(૨) પરના પત્રથી નાણાંકીય વર્ષ:૨૦૨૦-૨૧ની રૂ.૫૭૫૦.૦૦ લાખની (અંકે રૂપિયા સત્તાવનસો પચાસ લાખ) સદરહુ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત

ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા માટે વર્ષ:૨૦૨૧-૨૨માં રૂ.૫૭૫૦.૦૦ લાખની નવી બાબત નિગમ દીઠ નીચે મુજબ ફાળવણી કરીને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમ | નિગમ દીઠ રકમની વહેંચણી (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ. | ૧૦૯૦.૫૧ |
| ૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. | ૧૨૮૮.૮૧ |
| ૩ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. | ૧૧૮૯.૬૬ |
| ૪ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિ. | ૧૦૯૦.૫૧ |
| ૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. | ૧૦૯૦.૫૧ |
| | કુલ | ૫૭૫૦.૦૦ |

**શરતો :-**

૧. દરેક નિગમની સીધા ધિરાણ કે સહાય/સબસીડીની જે યોજનાઓ હાલમાં અમલમાં છે તેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવાની નિગમને સત્તા નથી. જેથી મંજુર થયેલ એકશન પ્લાન પ્રમાણેજ યોજનાઓનો અમલ કરવાનો રહેશે. વધુમાં નિગમને જો જરૂર જણાય તો એક યોજનામાંથી બીજી યોજનામાં ફંડ તબદીલ કરવા માટે બોર્ડમાં વિગતવાર ઠરાવ કરીને કારણો સહિત વિભાગની પૂર્વ મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે. આમાં કોઇ ચુક થશે તો તેને ગંભીરપણે લેવામાં આવશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૫. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૭. ઉપરોક્ત ફાળવણી કામચલાઉ છે. નિગમે તેમને માંગેલ અરજીઓની વિગતો અત્યાર સુધી કરેલ ધિરાણ, ભારત સરકાર તરફથી મળેલ રકમ સામે બાકી ચુકવણુ વગેરે ધ્યાને લઈને નિગમે વધારાની રકમ માટે દરખાસ્ત કરવાની રહેશે જેને ધ્યાને લઈને વધારાની રકમ છુટી કરવામાં આવશે. અત્રે એ ઉલ્લેખનિય છે કે છુટી કરેલી/ફાળવેલી રકમ સક્ષમ અને પારદર્શક રીતે લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં નિષ્ફળ જનાર નિગમ પાસેથી છુટી કરેલ રકમ પરત ખેંચી લેવામાં આવશે.

૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ માટે લોન, પેટા સદર:૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૮૦૦-અન્ય લોન, પેટા સદર: ૦૮-ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળા માટે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને લોનમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

ઉપરોક્ત ફાળવણીથી મળતાં નાણાં વર્ષ ૨૦૨૧-૨૨માં ખર્ચવા માટે સંબંધિત નિગમોએ Sector-wise ધિરાણનો Action Plan એક સપ્તાહમાં સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે. આ એક્શન પ્લાન(ખર્ચ-આયોજન) મંજૂર થયા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.